# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 07-07-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : MONDAY** **National News**

**આકાશવાણી સમાચાર** પ્રવેશ અડિએચા **વાંચે છે.**

***************************************************

1. બ્રાઝિલના રિયો ડી જેનેરો ખાતે બ્રિક્સ શિખર સંમેલનમાં નેતાઓએ પહેલગામ આતંકવાદી હુમલાની કડક શબ્દોમાં ટીકા કરી
2. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘે જણાવ્યું છે કે, ભારતના સંરક્ષણ મંત્રાલયનું બજેટ અનેક દેશોની જીડીપી કરતાં વધુ છે.
3. છેલ્લાં ચાર દિવસમાં 70 હજારથી વધુ યાત્રીઓએ અમરનાથમાં પવિત્ર શિવલિંગનાં દર્શન કર્યા
4. અમેરિકાએ ભારત સહિતના દેશો પર લાદેલી ટેરિફ હવે પહેલી ઓગસ્ટથી લાગુ થશે
5. અમેરિકાના વિરોધી દેશો પર વધારાની 10 ટકા ટેરિફ લાદવાની રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પની ચેતવણી

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

## BRICS – PM

બ્રાઝિલના રિયો ડી જનેરો ખાતે ચાલી રહેલા બ્રિકસ શિખર સંમેલનમાં નેતાઓએ 22 એપ્રિલના રોજ જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાની કડક શબ્દોમાં ટીકા કરી છે.

બ્રિકસ નેતાઓએ આતંકવાદીઓની સરહદ પારની અવરજવર, આતંકવાદને ભંડોળ પૂરું પાડવા અને સુરક્ષિત આશ્રયસ્થાનો સહિત તમામ સ્વરૂપો અને અભિવ્યક્તિઓમાં આતંકવાદનો સામનો કરવા માટે તેમની પ્રતિબદ્ધતાની પુષ્ટિ કરી. તેમણે આતંકવાદ માટે શૂન્ય સહિષ્ણુતા નીતિ સુનિશ્ચિત કરવા અને આતંકવાદનો સામનો કરવા બે બાજુના ધોરણોને નકારી કાઢવા વિનંતી કરી છે.

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કેઆતંકવાદના પીડિતો અને સમર્થકોને એક જ ત્રાજવે ન તોલી શકાય. શાંતિ અને સલામતી અંગેનાં સત્રને સંબોધતા શ્રી મોદીએ જણાવ્યું, આજે ત્રાસવાદ માનવતા સામેનો સૌથી મોટો પડકાર બની ગયો છે.

પ્રધાનમંત્રી મોદીએ બ્રિક્સ શિખર સંમેલનમાં બ્રિક્સનાં સભ્યો સાથે ‘બહુપક્ષીયતા, આર્થિક-નાણાકીય બાબતો અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સને મજબૂત કરવા' વિષય પર આયોજિત આઉટરીચ સત્રમાં ભાગ લીધો હતો.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## INDONESIA AS FULL BRICS MEMBER

બ્રાઝિલના રિયો ડી જાનેરોમાં ચાલી રહેલા 17મા બ્રિક્સ શિખર સંમેલનમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બ્રિક્સ સમૂહમાં ઇન્ડોનેશિયાના પ્રમુખ પ્રાબોવો સુબિયાન્ટોનું ઔપચારિક સ્વાગત કર્યું હતું.

વિદેશ મંત્રાલયે જણાવ્યું, આ નિર્ણય બહુપક્ષીય મંચોને આકાર આપવામાં ભારતનાં વધતા રાજદ્વારી કદ અને તેની મુખ્ય ભૂમિકા પર ભાર મૂકે છે.

ભારત બ્રિક્સનું સ્થાપક સભ્ય છે અને તેમાં પ્રારંભમાં પાંચ દેશ હતા, જેમાં બ્રાઝિલ, ચીન, ભારત, રશિયા અને સાઉથ આફ્રિકાનો સમાવેશ થાય છે. જોકે બાદમાં આ જૂથમાં બીજા અનેક દેશોનો ઉમેરો કરવામાં આવ્યો છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## RAJNATH SINGH DAD

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘે જણાવ્યું, ભારતના સંરક્ષણ મંત્રાલયનું બજેટ અનેક દેશોનાં જીડીપી કરતાં વધુ છે. શ્રી સિંઘે નવી દિલ્હીમાં કન્ટ્રોલર્સ કોન્ફરન્સ, 2025નું ઉદઘાટન કરતા આ મુજબ જણાવ્યું.

**(BYTE RAJNATH SINGH)**

આ ત્રણ દિવસની પરિષદનું આયોજન સંરક્ષણ હિસાબ વિભાગ (DAD) દ્વારા કરાયું છે.

સંરક્ષણ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું, આ કાર્યક્રમમાં આઠ ઉચ્ચ-સ્તરીય વેપાર સત્રો હશે, જેમાં બજેટ અને હિસાબમાં સુધારા, આંતરિક ઓડિટ પુનર્ગઠન, સહયોગી સંશોધન, કિંમત નિર્ધારણ નવીનીકરણ અને ક્ષમતા નિર્માણ જેવા ક્ષેત્રોને આવરી લેવાશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## RAJNATH - VIKRAM BATRA

સમગ્ર રાષ્ટ્ર વર્ષ 1999ના કારગિલ યુદ્ધ દરમિયાન સર્વોચ્ચ બલિદાન આપનારા કેપ્ટન વિક્રમ બત્રાને તેમની પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ આપી રહ્યું છે. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘે સોશિયલ મીડિયા સંદેશમાં કહ્યું કે, કારગિલ યુદ્ધ દરમિયાન તેમની અજોડ બહાદુરી અને બલિદાન રાષ્ટ્રની સેવામાં હિંમતનું મોટું ઉદાહરણ છે.

1999માં કારગિલ યુદ્ધ દરમિયાન વિક્રમ બત્રાની આગેવાની હેઠળની ટૂકડીએ દુશ્મન સામે લડીને વિવિધ ચોકીઓ કબજે કરીને તેનાં સૈનિકોને નિઃશસ્ત્ર કર્યા. આવી એક લડાઇમાં ગંભીર ઇજા થતાં તેઓ શહીદ થયા. કેપ્ટન બત્રાને મરણોત્તર પરમવીર ચક્રથી સન્માનિત કરવામાં આવ્યા.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## SC- SIR BIHAR EARLY

સર્વોચ્ચ અદાલત આજે બિહારમાં મતદાર યાદીઓના વિશેષ સઘન હાથ ધરવાના ચૂંટણી પંચના નિર્ણયને પડકારતી અરજીઓની સુનાવણી માટે સંમત થઈ છે. ગુરુવારે આ મામલે સુનાવણી થશે.

ન્યાયમૂર્તિ સુધાંશુ ધૂલિયા અને ન્યાયમૂર્તિ જોયમાલ્યા બાઘચીની ખંડપીઠે રાજ્યમાં મતદાર યાદીમાં સુધારો કરવાના ચૂંટણી પંચના નિર્ણય વિરુદ્ધની અરજીઓ પર સુનાવણી કરવા સંમતિ દર્શાવી હતી.

રાજ્યમાં વિશેષ સઘન પુનરાવર્તન હાથ ધરવાની રીત અને સમયને લઈ આયોગના પગલાને સર્વોચ્ચ અદાલતમાં પડકારવામાં આવ્યો હતો. સર્વોચ્ચ અદાલત સમક્ષ ઘણી અરજીઓ દાખલ કરવામાં આવી છે. જેમાં દાવો કરાયો છે કે જો S.I.R. ને રદ કરવામાં નહીં આવે, તો તે મનસ્વી રીતે અને યોગ્ય પ્રક્રિયા વિના લાખો મતદારોને તેમના પ્રતિનિધિઓને ચૂંટવાથી વંચિત કરી શકે છે અને મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણીમાં વિક્ષેપ પાડી શકે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત સમાચાર આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ

NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

..............

# AMARNATH YATRA

છેલ્લાં ચાર દિવસમાં 70 હજારથી વધુ યાત્રીઓએ અમરનાથ યાત્રામાં ભાગ લીધો. રવિવારે 21 હજાર 512 યાત્રીઓએ બાબા અમરનાથના બરફના શિવલિંગનાં દર્શન કર્યા.

આજે વહેલી સવારે કડક સુરક્ષા વ્યવસ્થા હેઠળ આઠ હજાર 605 યાત્રાળુઓનું વધુ એક જૂથ અમરનાથ ગુફાની યાત્રા માટે જમ્મુના ભગવતી નગર યાત્રી નિવાસ બેઝ કેમ્પથી રવાના થઈ હતી.

યાત્રીઓ 372 વાહનોના કાફલામાં રવાના થયા હતા, જેમાં 6 હજાર 486 પુરુષો, એક હજાર 826 મહિલાઓ, 42 બાળકો, 216 સાધુ અને 35 સાધ્વીનો સમાવેશ થાય છે. આમાંથી ત્રણ હજાર 486 યાત્રી બાલતાલ બેઝ કેમ્પ અને 5 હજાર 119 યાત્રીઓ પહેલગામ બેઝ કેમ્પ માટે રવાના થયા હતા, જ્યાથી તેઓ પવિત્ર ગુફાની મુસાફરી માટે આગળ વધશે.

ત્રણ જુલાઇએ શરૂ થયેલી અમરનાથા યાત્રા 9 ઓગસ્ટે શ્રાવણ મહિનાની પૂનમે સમાપ્ત થશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# HP WEATHER

હિમાચલ પ્રદેશમાં, અતિ ભારે વરસાદને પગલે જનજીવન ખોરવાઈ ગયું છે. 20 જૂનથી સક્રિય બનેલા ચોમાસામાં અતિભારે વરસાદથી ભૂસ્ખલન અને વાદળ ફાટવાની ઘટનાઓ બની છે. હવામાન વિભાગે 10 જુલાઇ સુધી રાજ્યમાં ભારે વરસાદ માટેનાં ઓરેન્જ અને યલો એલર્ટ જારી કર્યા છે.

પ્રસ્તુત છે અમારા સંવાદદાતાનો અહેવાલ

**(VOICE CAST RITESH KAPOOR)**

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# NAGALAND-HP-RAIN

નાગાલેન્ડના દિમાપુરમાં, વીજળી પડવાથી ત્રણના મોત થયા છે. મૃતકોમાં બે પુરુષ અને એક મહિલાનો સમાવેશ થાય છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ, રાજ્યમાં સામાન્ય કરતા 393 ટકા વધુ વરસાદ નોંધાયો છે. દરમિયાન, પ્રતિકૂળ હવામાન પરિસ્થિતિઓને કારણે રાજ્યના દીમાપુર હવાઈમથક પરની બધી વાણિજ્યિક ઉડાનો ગઈકાલે રદ કરવામાં આવી.

હિમાચલ પ્રદેશમાં, ભારે વરસાદથી સામાન્ય જનજીવન ખોરવાયું છે. રાજ્ય કટોકટી કામગીરી કેન્દ્ર મુજબ, ભારે વરસાદ, વાદળ ફાટવા અને ભૂસ્ખલનને કારણે, 243 રસ્તા હજુ પણ બંધ છે. અત્યાર સુધીમાં, રાજ્યભરમાં 163 મકાનોને સંપૂર્ણપણે, જ્યારે 178થી વધુને આંશિક રીતે નુકસાન થયું છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## TRUMP TARIFF

અમેરિકાએ ભારત સહિતના કેટલાંક દેશો પર લાદેલી ટેરિફ હવે પહેલી ઓગસ્ટથી લાગુ પડશે. અગાઉ આ ટેરિફ નવ જુલાઇથી લાગુ પડવાની હતી.

વાણિજ્ય સચિવ હોવર્ડ લુટનિકે આ જાહેરાત કરતા જણાવ્યું કે, રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ટ ટ્રમ્પ ટેરિફ રેટ અને સોદો નક્કી કરી રહ્યા છે.

દરમિયાન શ્રી, ટ્રમ્પે ચેતવણી આપી છે કે તેમનું વહીવટીતંત્ર એવા દેશો પર વધારાની દસ ટકા ટેરિફ લાદશે, જે પોતાને બ્રિક્સની અમેરિકા વિરોધી નીતિઓ ગણાવે છે. એક સોશિયલ મીડિયા સંદેશમાં તેમણે કહ્યું કે આ નીતિમાં કોઈ અપવાદ રહેશે નહીં. બ્રાઝિલ, ચીન, દક્ષિણ આફ્રિકા અને ભારતના જૂથ બ્રિક્સે અમેરિકા દ્વારા ટેરિફમાં વધારાની ટીકા કર્યા બાદ ટ્રમ્પની આ ટિપ્પણી આવી છે.

બ્રાઝિલમાં મળેલા સંમેલનમાં બ્રિક્સ દેશોએ ઈરાન પર તાજેતરમાં અમેરિકા અને ઇઝરાયેલે કરેલા હુમલાની પણ ટીકા કરી હતી.

દરમિયાન, શ્રી ટ્રમ્પે જાહેરાત કરી છે કે અમેરિકાના ટેરિફ પત્રો અને વિશ્વભરના વિવિધ દેશો સાથેના સોદાઓ આજથી શરૂ કરાશે. ટ્રમ્પ વહીવટી તંત્ર દ્વારા ઊંચી ડ્યુટી લાદવા પરનો 90 દિવસનો વિરામ બુધવારે સમાપ્ત થઈ રહ્યો છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MARKET

બેન્ચમાર્ક સ્થાનિક ઇક્વિટી સૂચકાંકો, સેનસેક્સ અને નિફ્ટી આજે બપોરના વેપારમાં ફ્લેટ કારોબાર કરી રહ્યા છે. અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની પારસ્પરિક ટેરિફની સમયમર્યાદા પહેલાં એશિયન બજારોમાંથી મિશ્ર સંકેતોને પગલે બજારનું વલણ નબળું રહ્યું હતું.

30 શેરો ધરાવતો બી. એસ. ઈ. સૂચકાંક બપોર બાદ 26 પોઈન્ટ ઘટીને 83 હજાર 407 અને એન. એસ. ઈ. નિફ્ટી 50 થોડો ઘટીને નવ પોઈન્ટ ઘટીને 25 હજાર 452 થયો હતો.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .